





ગડકરીના વરસાદમાં કોલસા વિલાઇ ગયા!
વાડ્રાના ગુન્હા સુગર ફેક્ટરીમાં પિલાઇ ગયા!
ભિડાઇ ગયા હોઠ વિરોધ પક્ષોના કૌભાંડી સોયાથી -
અને કલીનચીટના દાવા રાતોરાત ખેલાઇ ગયા..




પ્રજા-બકરી
ખાયકી મહોત્સવ
નેતાની ઇદ
(તિજોરીનું બલિદાન)

ચૂંટણી પૂર્વે
દિવાળી સાફસૂફી
પક્ષોમાં પણ..
(પક્ષ પલ્ટા-ના રાજીનામાં)

## ચિંતન

**હીયતે હિ મતિસ્તાત હીનૈઃ સહ સમાગમાત્ ।**
**સમૈશ્ચ સમતા મેતિ વિશિષ્ટૈશ્ચ વિશિષ્ટતામ્ ॥**

'હે સજ્જન દીન-બધુ, હે ભાઇ! હીન-હલકાં જનોનાં સમાગમથી-સંગતથી આપણી મતિ-બુધ્ધિ-વિચાર શ્રેણી પણ હલકી નીચ પ્રકારની થઇ જાય છે. પરંતુ જો, સમાન, સમાન બુધ્ધિકક્ષાની વ્યક્તિની સંગતથી આપણી બુધ્ધિ પણ મધ્યમ રહે છે, પરંતુ બુધ્ધિશાળી અને શ્રેષ્ઠ વ્યક્તિઓનાં સમાગમ-સત્સંગથી-આપણી બુધ્ધિ પણ ઉત્તમ બને છે.'

જીવનમાં સંસ્કારનું ખૂબ મહત્ત્વ છે. સંસ્કાર માત્ર ઘરમાંથી જ મળે છે એમ નથી, શાળા-પણ એના માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. શાળામાં મળેલા મિત્રો જીવનભર અસર પાડે છે. આ મિત્રોનો સ્વભાવ અને ટેવો પણ આપણા પર આડકતરી અસર પાડે છે.

એક ચિંતકે તો કહ્યું છે કોઇના ચારિત્ર્ય-સ્વભાવ વિશે જાણવું હોય તો તેના મિત્રો કોણ છે. પ્રથમ એ જાણી લ્યો! સારી સંગતિથી સારા સંસ્કાર પ્રાપ્ત થાય છે આથી જ અધ્યાત્મમાં સત્સંગનું મહત્ત્વ વિશેષ છે, કથા-વાર્તા-ભજન-કીર્તન દ્વારા સારા વિચાર મળે છે અને સાધુ-સંતોની સંગત થાય છે. સારા વિચારથી બુધ્ધિ ઉત્તમ બને છે.

## સુવિચાર

- જો આપણો કોઇ સાચો મિત્ર ન હોય તો દુનિયા સાવ જંગલ જેવી એકાંત લાગે છે **- બેકન**
- વિપત્તિની જેમ સંપત્તિ આવે ત્યારે પણ મિત્રની જરૂર તો પડે જ છે- **બી.એન. દસ્તૂર**
- મિત્રો પણ ખુદા પરસ્ત મળે છે, 'મરીઝ' । સોંપે છે દુ:ખનાં કાળમાં પરવર દિગારને - ॥ **- મરીઝ**
- મૈત્રી અને 'પરિચય'માં ઘણો તફાવત છે. મૈત્રીની ઊંડાઇ પરિચયના પરપોટામાં નથી હોતી **- એસ. ભટ્ટાચાર્ય**
- જે માત્ર તમારા સદ્ગુણોના જ વખાણ કરે છે અને અવગુણોની અનદેખી કરે છે તે તમારો મિત્ર નથી. **- સ્વામી ચૈતન્ય**
- મૈત્રી અને દુશ્મનીના ભાવ, વાદળ જેવા છે, દરેક ક્ષણે તે બદલતો રહે છે- **વ્યાસજી**
- સંસારનો બધો વ્યવહાર 'મતલબ' આધારિત છે, સમૃધ્ધિ હોય તો 'મિત્ર'ની સંખ્યા વધારે હોય છે **- કવિ ગિરધર**

## બોધ કથા

કુળ-પરિવારના સંસ્કારની પણ ખૂબ અસર હોય છે. કસાઇ કોમનો સ્વભાવ ઘાતકી હોય તો એને સામાન્ય માણસના દુ:ખ દર્દની વધારે અસર ન થાય. એટલે કે પ્રયત્નપૂર્વક કોઇના જન્મના સંસ્કાર બદલાવી ન શકાય!

બીરબલનું 'જ્ઞાની બ્રાહ્મણ' તરીકે પણ સમાજમાં સારૂં માન અને આદર ભર્યું સ્થાન હતું. બાદશાહને ઇર્ષા થઇ. બીરબલને કહ્યું, મને પણ વિધિપૂર્વક 'બ્રાહ્મણ' થવું છે. તારા બધા વિદ્વાન બ્રાહ્મણ બોલાવીને જે કંઇ વિધિ કરવાની હોય તે કરાવી લે!

બીરબલ 'ના' પાડવાનું શીખ્યો જ નો'તો. આમેય રાજા-વાજાં-ને વાંદરાને 'ટેકલ' કરવાં કઠિન હોય, બધુ ગોઠવી દીધું. એક વિદ્વાન બ્રાહ્મણને લઇને નદી કાંઠે જવાનું હતું. રાજા પણ સાથે હતા.

ત્યાં એક કુંભાર ગધેડાને ઘસી ઘસી નવડાવતો હતો. બે-ત્રણ જણા તેને પકડી ઊભા હતા. રાજાએ પૂછ્યું - અલ્યા! આ જબરજસ્તી કેમ કરો છો?

કુંભાર કહે, એક સંતે કહ્યું છે ગધેડાને ગંગા નદીમાં ઘસીભૂંસીને વિધિપૂર્વક નવડાવશો તો ઘોડો થઇ જશે! રાજા કહે એમ કંઇ જાતિ બદલાતી હશે?

કુંભાર કહે, હિંદુમાંથી મુસ્લિમ અને મુસ્લિમમાંથી બ્રાહ્મણ થવાય જ છે ને!!

રાજા બીરબલની ગોઠવણ પામી ગયો. પાછા દરબારને રસ્તે પડયા.

# સરકારી નોકરી છોડી દઈ પ્રાઈવેટ ક્લિનિક ચાલુ કર્યા પછી ડૉ. પુષ્કર મહેતાને પત્ની કરતાં પેશન્ટોમાં વધારે રસ પડવા લાગ્યો હતો, સવારે વહેલા ક્લિનિક પર જવા નીકળી પડતા અને રાત્રે મોડા ઘરે પહોંચતા ત્યારે પોતે જ પેશન્ટ બની જતા

## જનમટીપ

**- કેશુભાઈ દેસાઈ**

દીકરાએ પોતાની આટલી હદે ઉપેક્ષા કરી!

શ્વેતા મહેતાએ મોબાઈલમાં આવેલો મેસેજ ઊલટાવી- સૂલટાવીને ફરી ફરી વાંચ્યો પણ ક્યાંય એ ટૂંકા સમાચાર કરતાં વિશેષ માહિતી બલકે વધારાનો શબ્દ સુદ્ધાં નજરે ન ચડ્યો. અડતાલીસ વર્ષની જિંદગીમાં પહેલી જ વાર એને કોઈએ સણસણતો તમાચો જડી દીધો હતો, જેના સોળ ચહેરા પર તો નહોતા ઊઠ્યા પણ છાતીના પીંજરામાં ધબકતું પારેવું લોહી લોહી થઈ ગયું હતું. શ્વેતા મહેતા ઘડીક પૂરતાં ડોકટરેટનું લટકણિયું અને પ્રોફેસરપણાનું છોગું અળગું કરી એક સ્ત્રી બની રહ્યાં.

જે કંઈ થયું એના પોતે ક્યાં હતાં? એમણે જાત તપાસ માંડી. દાદા ભગવાન યાદ આવી ગયા: ભોગવે એની ભૂલ! થયું તે જ ઠીક. બન્યું એ જ બરાબર...

શું એ શ્વેતા નામની સ્ત્રી સાથે અત્યાર સુધી જે કંઈ બનતું રહ્યું એ બધું જ બરાબર હતું? લીલી નાઘેર જેવી જિંદગી સાથે છે.ડો ફાડીને અઠ્ઠાવીસ વરસની ઉંમરથી વનવાસ વેઠી રહી છે, એમાં શું એ એકલી જ જવાબદાર છે? છતાં ધણીએ વિધવાની જેમ જીવી, એ શું એની પોતાની જ ભૂલનું પરિણામ હતું?

એમણે પંડને શ્વેતાથી અળગું કરીને શ્વેતાની જિંદગીનું સરવૈયું માંડ્યું. એકદમ સાક્ષી ભાવે.

રહી રહીને એમનો નજર સામે દિકરો એસએમએસ ઝબૂકતો હતો : કેરિયર કરતાં જિંદગી વધારે કીંમતી છે. હું મારા પપ્પાને મળવા જઈ રહ્યો છું. બની શકે કે આ અમારી આખરી મુલાકાત હોય. એમને અકસ્માત નડ્યો છે...

'એમને' અકસ્માત નડ્યો એ બાબતની જાણ પણ એમના દીકરાને જ કરવામાં આવી! શ્વેતા મહેતા નામના પ્રાણીની તો કોઈએ નોંધ સુધ્ધાં ન લીધી! દીકરાએ પણ બાપના સમાચાર સાંભળતાની સાથે દોટ મૂકી. માને પૂછવા જેટલીય તસદી ન લીધી કે મમ્મી, જલદી તૈયાર થા, આપણે તાબડતોબ પહોંચવું પડશે.

આખરે લોહી તો એના લોહીનું જ ખેચેં ને! છેલ્લી વેળાએ બાપે એના દીકરાને જ યાદ કર્યો. દીકરાની મા પણ હયાત છે, એનું તો એ માણસને ઓસાણ જ ન રહ્યું! વાહ રે કુદરત, તારી માયાનો પાર પામવામાં ભલભલા ઋષિ-મુનિ થાપ ખાઈ ગયા હોય ત્યાં બિચારી શ્વેતા મહેતાનું શું ગજું?

શ્વેતા મહેતાની આટલી જ હેંસિયત? એ તો બહુ મોટી ફિશિયારી મારતી હતી ને? કેવું તો એનું ગુમાન હતું - યુનિવર્સિટીમાં સીધી જ રીડર બનીને આવી ત્યારે તો એના પગ જમીનને અડકતા જ ક્યાં હતા? હવામાં ઊડતાં તાં બહેનબા. જાણે દુનિયામાં એમના જેવું સૌભાગ્ય લઈને બીજી કોઈ સ્ત્રી અવતરી જ નહોતી અત્યાર લગી. કુલપતિ દેસાઈ સાહેબની ચેમ્બરમાં પ્રવેશ કરતાં અગાઉ ડિપાર્ટમેન્ટના સિનિયર સાથીઓ સત્તરવાર વિચાર કરતા, બને ત્યાં લગી એમને મોઢામોઢ થવાનું ટાળતા, નાછૂટકે સામેથી કહેણ આવે ત્યારે જ એ દિશામાં લમણો વાળીને જોતા. પ્રો. જોગાણી જેવા જૂના જોગી પણ ધ્રૂજતે પગે એક એક ડગલું ફૂંકી ફૂંકીને માંડતા અને એમની સાથે થનારી સંભવિત ચર્ચાનો મુદ્દાસર જવાબ બરાબર તૈયારી કરીને જતા. એક શબ્દથી ચાલે એમ હોય તો બીજો શબ્દ ન બોલે. બસ, કામ પૂરતી વાત. કુલપતિ દેસાઈ પોતે ક્યારેક એમના વિદ્યાર્થી હતા, પણ અત્યારે તો એ બોસ ગણાય ને! શ્વેતા મહેતા એથી તદ્દન ઊલટું કુલપતિને એક 'સિનિયર કલીંગ' ગણતાં. બલકે એમના સાથી અધ્યાપકોની હાજરીમાં એમની મજાક પણ ઉડાવતાં રહેતાં. કશા કામ વગર પણ એ મહિનામાં એકાદવાર કુલપતિની શુભેચ્છા મુલાકાત લઈ આવતાં. આખી યુનિવર્સિટીમાં એ નવી પ્રતિભાની બોલબાલા હતી.

કુલપતિ દેસાઈ સુધ્ધાં એનાથી અંજાઈ ગયા હતા. એ બધું ગુમાન ઋષિના એક એસએમએસ સાથે એકાએક હવાઈ ગયું અને અત્યાર લગી હવામાં ઊડતાં રહેલાં શ્વેતા મહેતાના 'ઈગો'નો ફુગ્ગો ફૂટી ગયો. ડો. પુષ્કર મહેતાની કાર કોઈ વાહન સાથે અથડાઈ હશે ત્યારે તો ધડાકો પણ થયો હશે. શ્વેતા મહેતાના 'અહં'નું બલૂન તો કશોય અવાજ ન થયા એ રીતે ધરતી પર ઊતરી આવ્યું હતું, ચૂપચાપ.

એકી સાથે અનેક વળગણ વછૂટી ગયાં હતા.

બ્યુટી ક્વિન ઓફ એમ.એસ. યુનિવર્સિટી, માસ્ટર સ્ટોખ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી... કેવાં કેવાં.... કોમ્પ્લિમેન્ટ્સ મળતાં રહ્યા હતા. આ બે દાયકાની ધુઆંધાર સફર દરમિયાન! કદાચ એવાં કોમ્પલિમેન્ટ્સ શ્વેતા નામની એ માન તરસી માનુનીને મન એની કેરિયરને હાઇલાઇટ કરનારી યશકલગીઓ સમા લાગતાં હશે. એટલે એ જાહેરમાં આવી કોમેન્ટ્સ સામે મોં મચકોડતાં રહેતાં પરંતુ અંદરથી તો એણ જ ઇચ્છતાં કે હજી આના કરતાં પણ કોઇ વધારે સનસનાટી ભર્યા શબ્દ ગુચ્છ વડે પોતાને નવાજે! એકલાં રહેતાં હોવા છતાં એમને કયારેય એકલવાયું નહોતું લાગ્યું કારણ કે આખા યુનિવર્સિટી કેમ્પસનું કેન્દ્ર બની ગયાં હતાં એ! ડો. પુષ્કર મહેતા સાથે રહેતાં હોત તો એ એમની પત્ની તરીકે ઓળખાતાં હોત. કદાચ ઋષિની મા તરીકે ઓળખી ગયાં હોય એ નાગર પરિવારની બંધિયાર ગલીમાં. ઋષિને એકાદ ભાઇ હોત, બહેન હોત. પોતે નાગર કુટુંબનો વંશવેલો વધારવાનું મશીન બની ભૂંસાઇ ગયાં હોત...

એવા અંધકારભર્યા ભાવિનાં એંધાણ મળતાંની સાથે એ ચેતી ગયાં હતા. સરકારી નોકરી છોડી દઇ પ્રાઇવેટ ક્લિનિક ચાલુ કર્યા પછી ડો. પુષ્કર મહેતાને પત્ની કરતાં પેશન્ટોમાં વધારે રસ પડવા લાગ્યો હતો. સવારે વહેલા ક્લિનિક પર જવા નીકળી પડતા અને રાત્રે મોડા ઘરે પહોંચતા ત્યારે પોતે જ પેશન્ટ બની જતા. શરૂ શરૂમાં તો શ્વેતાએ પરંપરાગત સંસ્કારો અને સપ્તપદિના કોલ મુજબ પતિ - પરમેશ્વરની પગચંપી કરી પરંતુ એની ભીંતર બેઠેલી બળવાખોર અબળાએ એને ઢંઢોળી : શું તારે આખી જિંદગી પુરૂષનો પડછાયો જ બની રહેવાનું? તારૂં અલગ અસ્તિત્વ જ નહીં?

- એમ ને એમ એ એકી સાથે બે પ્રકારની 'મા' બની ગઇ. ઋષિ જન્મ્યો એ જ અરસામાં એ ફિલોસોફીના અઘરા વિષયમાં 'એમ.એ.' થઇ ગઇ, તે પણ ફર્સ્ટ કલાસ ફર્સ્ટ! 'હવે હું પણ કંઇક બનવા માંગુ છું... ઘરકૂકડી થઇને તો હું નહીં જ રહી શકું!' એણે મધરાતે વિઝિટે જઇ પાછા ફરેલાં વ્યસ્ત ડોકટર પતિને મનમાં ઘોળાતી વાત કરી જ દીધી : 'તમને પૂછ્યા વગર જ મેં યુનિવર્સિટીમાં ખાલી પડેલી પોસ્ટ માટે અરજી કરી હતી. આજે સાંજે જ એનો ઇન્ટરવ્યુ કોલ મળ્યો છે.'

ડો. પુષ્કર મહેતાએ એમના ઓછા બોલા સ્વભાવ મુજબ આટલું જ કહેલું : ચોઇસ ઇઝ યોર્સ! એક તરફ ફેમિલી છે, બીજી તરફ કેરિયર : હું વચ્ચે નહીં આવું, એની ખાતરી આપું છું!

વીસ વરસ થઇ ગયાં એ વાતને...

શ્વતા મહેતાની આંખોમાં વાદળ ઊમટી પડ્યાં. એ માણસે જે ખાતરી આપી હતી તે છેક સુધી પાળી હતી... વીસ વરસના વિજોગ છતાં એમણે કયારેય પોતાના વિશે ઘસાતો શબ્દ નહોતો ઉચ્ચાર્યો કે નહોતો કોઇ વાંધો પાડ્યો. એક આખેખાખી જનમટીપની સજા ભોગવી લીધી ચૂપચાપ...

અચાનક ફોન રણક્યો ને એ હાંફળી ફાંફળી દોડી પડી : 'મમ્મી, પપ્પા તો...' ઋષિ ડૂસકાં લઇ રહ્યો હતો. એણે જાતે જ ફોન કટ કરી દીધો.

# જીવનમાં સાચો આનંદ - સુખ - શાંતિની જો તમને ઝંખના હોય તો આ ત્રણ માર્ગો ચાલી જુઓ, અને દિવ્ય સુખની પ્રાપ્તિ કરી શકશો, હા, ઉપરના કોઇ પણ માર્ગે જવા માટે મજબૂત નિર્ણયશક્તિ અને સહનશક્તિની જરૂર પડશે

## 'હથોડી અને ટાંકણું'

**- હર્ષદરાય ઉપાધ્યાય**

એવું જોવામાં આવે છે કે સર્વ નદીઓ સમુદ્ર ભણી જાય છે. બીજી રીતે એમ આપણે કહી શકીએ કે તમામ નદીઓનું અંતિમ લક્ષબિંદુ "સાગર" રહેલું હોય છે. આપણામાંના સૌનું પઇ કાંઇક આવું જ છે. આપણે સૌ કોઇને કોઇ નિશ્ચિત ધ્યેય પ્રાપ્તિ માટે મથતાં હોઇએ છીએ. આપણામાંના દરેકને જીવનમાં કોઇને કોઇ મુકામ હાંસલ કરવો હોય છે. પછી તે યશપ્રાપ્તિ હોય, ધનપ્રાપ્તિ હોય, યા મનની કોઇ વિશેષ માંગ હોય છે. પરંતુ ધ્યેય વગરના વ્યક્તિને શોધવો કદાચ મુશ્કેલ છે.

નાદાન યા નાસમજને માટે આ બાબતમાં છૂટ છે. જાણે અજાણે આપણાંમાના દરેકને કોઇને કોઇ ધ્યેય હોય જ છે. તમે શાંતિથી વિચારશો તો એવું પણ લાગશે કે સમયે સમયે આ ધ્યેયમાં પરિવર્તન આવ્યું હોય છે. ધ્યેય અધુરો મુકી નવો ધ્યેય સામે આવ્યો હોય અથવા ધ્યેય પૂર્ણ થતાં જ નવું ધ્યેયનું શિખર દૃષ્ટિગોચર થવા લાગ્યું હોય છે. તમે તમારી જાતને કયારેક શાંતિથી પૂછ્યું છે ખરૂં કે ખરેખર શું જોઇએ છે? મોટે ભાગે એવું જોવા મળે છે કે તમે બાહ્ય પરિસ્થિતિને વશ કશુંક પ્રાપ્ત કરવા ઝંખો છો. પરંતુ ખરેખર તો સાચું લક્ષ્ય હોતું નથી. તમને તેની ખબર પણ હશે છતાં તે મેળવવા તમામ પ્રયત્નો કરો છો. અને તે પ્રાપ્ત થાય કે ન થાય, જે મળવો જોઇએ તે આનંદ પ્રાપ્ત થતો નથી.

અરે તમારામાંથી એવાય હશે જે આવી ઇચ્છાઓની બાબતમાં જરા જુદા હશે. તેમની સામે એક નહીં વધુ વિકલ્પો હશે અને તે તમામ ને એક સાથે હાંસલ કરવામાં એકપણ સાચી સફળતા નહીં મળતી હોય એક સાથે બે અશ્વ ઉપરની સવારી ફિલ્મોમાં સારી લાગે છે. વાસ્તવિકતા જુદી હોય છે.



નિરાશાવાદી અથવા આળસુ સ્વભાવવાળા માણસોની તો વાત જ જુદી હોય છે તેમના જીવનમાં લગભગ આવું કશું ભાગ્યે જ જોવા મળે છે હા, સ્વપ્ન તો સૌને આવે છે તેમ તેમને પણ ઇચ્છાઓ થયા જ કરે છે. પરંતુ તે કાગળ ઉપરની હવેલી જેવી હોય છે. જોઇ શકાય પરંતુ તેમાં રહેવાનો આનંદ પ્રાપ્ત ન થાય.

આ લક્ષ્ય પર ઉંમર સાથે સીધો સંબંધ ધરાવે છે. જુદી જુદી ઉંમરમાં અલગ અલગ ધ્યેય હોય છે. બાળકોની વાત એક અલગ વિષય બની શકે છે. પરંતુ સમજણ પ્રાપ્ત થયા પછી ભલે તમે સૌ અલગ અલગ વિષય ને ધ્યેય બનાવી રહ્યા હોવ છો પરંતુ ઊંડાણથી વિચારતાં દરેક ધ્યેય - ઇચ્છા - લક્ષ્યના મૂળમાં "શાંતિ" રહેલી હોય છે. દરેક પ્રાપ્તિથી શાંતિ મળવી જરૂરી છે. જો શાંતિની અનુભૂતિ ન થાય તો તે પ્રાપ્તિ સાચા અર્થમાં પ્રાપ્તિ હોતી જ નથી. મન તેને સ્વીકારતું નથી.

હજારો વર્ષના તપ - આરાધના અને અનુભવને

### ૐ શાંતિઃ ॥ શાંતિઃ ॥ શાંતિઃ ॥ - અંતિમ લક્ષ્ય

આધારે વિદ્યાનો તપસ્વીઓએ જે સંશોધન કરી અંતિમ લક્ષની જે વાત કરી છે તે છે શાંતિની પ્રાપ્તિ. તમામ કર્મોને અંતે મનને શાંતિ મળે તો સમજવું કે તમે કાંઇક પ્રાપ્ત કર્યુ છે.

આલિશાન બંગલામાં જો નિરાંતે ઊંઘ ન આવતી હોય, લખલૂટ સંપત્તિ હોવા છતાં ઊંઘની ગોળીઓ ગળવી પડતી હોય તો તે સર્વ સંપત્તિ અને સુખ વ્યર્થ છે.

સાચી શાંતિ કેળવ ત્રણ રસ્તે જ પ્રાપ્ત થઇ શકે છે. ત્રણ પ્રકારે જીવન જીવનારાને હંમેશાં અદ્ભૂત મનની શાંતિ મળી જાય છે અને જીવન ધન્ય બની જાય છે. સાચા સુખની ત્યાં જ અનુભૂતિ થાય છે.

દરેક શ્લોકને અંતે ત્રણ વખત શાંતિ:, શાંતિ:, શાંતિ: આવે છે. તેનો મતલબ છે કે ત્રણ રસ્તામાંથી ગમે તે એક માર્ગે જીવન જીવશો તો શાંતિ મળશે અને એ જ જીવનની ફલશ્રુતિ છે.

આ ત્રણે માર્ગો છે
૧. સત્ય
૨. અહિંસા
૩. પ્રેમ

આ ત્રણ જ માર્ગો જીવનમાં પગથિયાં હોવાં જોઇએ

પૂજ્ય મોરારિબાપુ જેવા સંતો આ ત્રણ બાબતો ઉપર ખુબ ઊંડાણથી પ્રકાશ પાથરે છે, અને તેનો વ્યવહારૂ અમલ પણ કરતાં જ હોય છે.

જીવનમાં સત્યને માર્ગે ચાલનારા વ્યક્તિઓ કદાચ બાહ્ય સમૃધ્ધિઓ વગરના હોઇ શકે છે પરંતુ સત્યના આચરણવાળા નિર્ભય હોય છે. તેમને કશાનો ડર હોતો નથી. સંસારમાં સત્યને માર્ગે ચાલનારા હજારો માણસોના ઉદાહરણો મળી શકે તેમ છે. મહાત્મા ગાંધીએ આ સત્યને માર્ગે ચાલી મહામૂલી આઝાદી અપાવી છે. વિશાળ સેના અને શસ્ત્રોધારી અંગ્રેજ સલ્તનત તેમને ડરાવી કે ડગાવી શકી નહીં. અને જયારે આવી નિર્ભયતા પ્રાપ્ત થાય તેના મનમાં સત્યનો માર્ગ પ્રથમ આવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૮મી ઓક્ટોબર



- યુરોપના ભોગવિલાસ છોડી ભારતની આજીવન સેવા કરનારા ભગિની નિવેદિતા - માર્ગારેટ નોબલની જન્મતિથિ ૨૮-૧૦-૧૮૬૭.

ભારત દેશ માટે તેઓ આપણી ભારતમાતા શબ્દ પ્રયોજતા. તેમના મૃતદેહને હિન્દુવિધિ અનુસાર અગ્નિદાહ અપાયો હતો.

- ૧૯૦૨ - મનુભાઇ જોધાણી - પ્રાચીન લોકસાહિત્ય સર્જનાર બરવાળામાં જન્મ.
- ૧૬૨૭ - ચોથા મોગલ બાદશાહ જહાંગીરનું કાશ્મીરથી આવતાં રસ્તામાં જ અવસાન.



- ૧૯૨૪ - સામાજિક કાર્યકર - સ્વાતંત્ર્ય સેનાની ગાંધીના અંતેવાસી મૃદુલા સારાભાઇનું અવસાન.
- ૧૮૮૩ માં અમેરિકામાં સ્વાતંત્ર્ય દેવીનું ભવ્ય પૂતળું મુકવામાં આવ્યું. વર્ષોથી મશાલ બુઝાઇ ગઇ. હાલમાં ઇલેક્ટ્રીક મશાલ છે.

# બદનક્ષી આઈ.પી.સી.ની કલમ ૪૯૯, ૫૦૦, ૫૦૧, સી.આર.પી.સી.ની કલમ ૪૮૨ની સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

જે કોઇ વ્યક્તિ સંસ્થા મંડળી કે જાહેર કામ કરનાર કોઇ બીજી વ્યક્તિની આબરૂને હાનિ પહોંચાડવાના ઇરાદાથી અથવા લેખિત છપામણી જાહેરાત કરવાથી તેના આબરૂને હાની પહોંચસે એમ જાણવા તથા માનવાને કારણો હોવા છતાં બોલેલ અથવા વાંચવા છાપે તેવા બદ ઇરાદાવાળા શબ્દોથી, ચેષ્ઠાથી અથવા હસ્ય શ્રાવ્ય માધ્યમથી આ કૃત્યથી બીજા ઉપર આવા દાવા મુકે બદનક્ષી કરી કહેવાય, આવી વ્યક્તિ જીવિત અથવા મૃત હોય તો તેના કુટુંબ અને સમાજને હાનિ પહોંચે લાગણી દુભાર્ય વ્યક્તિની સામાજિકતા, નિયમિતતા, બુધ્ધિમતા શાંતિ, જાતિ, ધર્મ, અગત્યો, ધૃણાજનક બાબત પ્રસિધ્ધ કરી બદનક્ષી કરવામાં આવે અગર તો રાજ્ય સેવકનું જાહેર પ્રશ્નને સ્પર્શેનું વ્યક્તિનું વર્તન નિવેદન કાર્યવાહીની ફેસલાનું અગાઉથી નિર્ણય જજમેન્ટ પ્રસિધ્ધ કરવા બદનક્ષી છે.

આઇ.પી.સી. ૪૯૯, ૫૦૦ મુજબ બદનક્ષી વાળા સમાચાર ન્યૂઝ પેપરમાં છપાયેલાં પ્રોસેસ મેનેજિંગ ડિરેકટર ઓફ પ્રેસ ઇસ્યુ કરેલા તેમની સીધી રીતે જવાબદારી થાય છે તેવો ઉલ્લેખ ફરિયાદમાં ના કરેલ હોય તો ફરિયાદ રદ્દ થાય, વિવેક ગોયન્ડા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં ના. હાઇકોર્ટે આ બાબત સ્પષ્ટ કરેલ છે.

આઇ.પી.સી. ની કલમ ૫૦૦ મુજબ બદનક્ષી અંગેના શબ્દો સ્પષ્ટ હોવા જોઇએ જે તે વ્યક્તિના નામજોગ બંધ બેસતા હોય વર્ણના પ્રાસથી કરેલ બદનક્ષી અગર તો ઓળખાણ છતી ના થાય તેવા લખાણોથી બંધ બેસતી પાઘડી પહેરવાથી બદનામી સાબિત થતી નથી. તેવું સી.એમ. માયાવતીના કેસમાં સાબિત ના.કોર્ટે સાબિત કરેલ છે.

ન્યૂઝ પેપરમાં જે તે વ્યક્તિ વિરૂધ્ધ આરોપ છવાયો જેનાથી ફરિયાદીની આબરૂને ઇજા થાય ફરિયાદમાં કંઇ જગ્યાએ કરેલું નુકશાન થયું તે સ્પષ્ટ લખવું જોઇએ કેટલો કેવી રીતે ત્રાસ સહન કર્યો બદનત્રી કેવી રીતે થઇ, જેના કહેવાતા પરિણામો ભોગવવા પડ્યા તે ફરિયાદમાં સ્પષ્ટ લખવું જોઇએ.

અભિનેતા હાસ્ય કલાકાર ગાયક જાહેર જગ્યા ઉપર મનોરંજન પીરસે તો તેવા કાર્યક્રમની બદનક્ષી થતી નથી.

ડોકટર પોતાના પેશન્ટની ગંભીર માંદગી જાહેર કરે તેનાથી સામાજિક અધ:પતન થાયત તો તે બદનક્ષી ગણવામાં આવે છે. કલાઇન્ટના રીપોર્ટ પેપર્સ, રીચર્સ ખાનગી રાખવા જોઇએ જે જાહેર પ્રસિધ્ધ કરી શકાય નહીં.

સાક્ષીની બાબતમાં ન્યાયાલયના વર્તન માટેનો ઠપકો શુધ્ધબુધ્ધિથી આપેલ હોય તો તેમજ તાબાના માણસોને ઠપકો આપેલ હોય તો બદનામી ગણાતી નથી.

આરોપીની બાબત અંગે કોઇ વ્યક્તિ ઉપર જેમે કાયદેસર અધિકાર હોય તેમાંથી કોઇ સક્ષમ વ્યક્તિ ઉપર શુધ્ધ બુધ્ધિથી આક્ષેપ મુકવો તે બદનક્ષી ગણાતી નથી. પુરાવા હોય તેવું વિષય વસ્તુ ગમે તે વ્યક્તિ વિચિત્ર પ્રકાશિત કરી શકાય છે, સજ્જડ પુરાવા સિવાય સ્ત્રી કે પુરૂષના ચારિત્ર ઉપર આડ મુકવા એ બદનક્ષી ગણાય છે.

બદનક્ષી માટે છ વર્ષની શિક્ષા અને દંડ કલમ ૫૦૦ મુજબ કરવામાં આવે છે.

જાહેર હિતના ભલા માટે છપાયેલા ચેતવણીથી કોઇ વ્યક્તિ વિશેષને હાનિ થતી હોય તો પુરાવા હોય તો બદનક્ષી થતી નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)